તિલક સ્વરાજ્યફાળા હિતાર્થે.

અસહકાર-રૂપરેખા

(એક કાવ્ય)

લેખક અને પ્રકાશક

બાલકૃષ્ણ અમૃતલાલ શુકલ.

૦-૧-૦

ઠે. સૈયદપરા કો[illegible]ચોરી-સુરત.

સમર્પણ.

સદ્વિદ્યા–મતિ એવી સુરસવતી, કે જે માત્ર સ્વાદે સુધા,
લાલિત્યે પરિપૂર્ણ સર્વ ગુણથી સંપન્ન સુખાવિંતા;
વીણા હસ્ત, મયૂરવાહન અને સુરાદિથી વંદિતા,
એવી દેવી સરસ્વતી શરણમાં, આ કાવ્ય અર્પું સખા.

બે બોલ.

અસહકાર રૂપ-રેખા કાવ્ય એના ઉત્સાહી લેખક અને પ્રકાશક ભાઈ **બાલકૃષ્ણ અમૃતલાલ** શુકલ. પ્રજા ચેતનના રાષ્ટ્રીય સપ્તાહ પ્રસંગે પ્રકટ કરે છે અને એનું તમામ ઉપન્ન તિલક સ્વરાજ્ય ફાળામાં આપે છે. આ પુસ્તકની છપામણી ખર્ચ પણ એક દેશાભિમાની ભાઈ તરફથી મળે છે એટલે સ્વરાજ્ય ફાળાને પુરેપુરી આવક મળશે.

પ્રજા ચેતનના અઠવાડીઆમાં આ જુસ્સાદાર કાવ્ય વાંચનારમાં વધારે જુસ્સો પેદા કરશે એવી આશા છે. કાવ્ય તરીકેના ગુણદોષ જોવાનો ને લેખકનો પરિચય કરાવવાનો વખત નથી મળ્યો પણ જુસ્સો અને દેશાભિમાન તો આ કાવ્યમાં ભરેલાંજ છે.

સુરત
તા. ૬-૪-૨૨.

કલ્યાણજી વિઠલભાઇ.

સુરત ભાગાતળાવ રોડપર આવેલા ધી "**ઇન્ડીઆ**" પ્રીન્ટીંગ પ્રેસમાં **કંચનલાલ ચુનીલાલે** છાપ્યાં.

અસહકાર-રૂપરેષા.

૧. રેંટીઓ, ખાદી અને અસહકાર.

લાવણી.

સૌ ચલો પડો મયદાન, વાગે રણતૂરો;
યાહોમ ધસો સૌ આગે, ગાંધીના શૂરો.
ખાદીના ટોપ કવચ બખ્તર,
નિશાનો ખાદીનાં ફરફર;
ફેરવો સુદર્શન ચક્કર,
ગજાવો રણવાધો ઘરઘર.
શૂરનાદ ભરે આનંદ ઉરમાં પૂરો;
યાહોમ ધસો સૌ આગે ગાંધીના શૂરો.
શૂરાઓ સહકારને તજનાર,
વિદેશી વસ્ત્રો પરહરનાર;
સાચવે ખાદીનો વ્યવહાર,
એજ છે સાચો અસહકાર.
દીન દેશતણું દારિદ્રય દૂર કરનારો,
છે નિર્જીવને અમીરૂપ જીવન દેનારો;
એ શ્વેતરંગી આદેશ ધવલ ધરનારો,
ગુરૂ ગાંધીની અમીદ્રષ્ટ જહર હરનારો;
મહામંત્ર તણો સજી સાજ શૂર સૈનિકો,
યાહોમ ધસો સૌ આગે, ગાંધીના વીરો.

૨. વિદેશી વસ્ત્ર, દારૂ અને તાડીનું વેચાણ.

વાણીએ કંઈ માંડ્યા વ્યાપાર,
હાટ સૌ વિદેશી વસ્ત્રાગાર;

જાળવે ક્રય વિક્રય વ્યવહાર,
દેશની દયા નથી તલભાર.
તાડીને દારૂનાં વેચાણ,
કર્યે છે કલાલની દુકાન;
હરે છે રંક જીવન ધન-પ્રાણ,
દેશને કરતા કચ્ચર-ઘાણ.

બની સ્વાર્થ વિષે સૌ અંધ રકત પીનારા,
યાહોમ દેશનો દ્રોહ સદૈવ કરનારા;
તમ વિવેક શૂન્ય બધિર ઉરપટ તોડો,
આ રંક દેશને યોગ્ય પ્રવૃત્તિ જોડો.
સૌ વિદેશી વાપરનાર,
મદિરાને ભાવે ભજનાર;
દ્રોહમાં સરખા હિસ્સેદાર,
છોડી દો સર્વ અસદ્વ્યાપાર.

તમકાજ પહેરેગીર બન્યા કંઈ શૂરા,
તમકાજ ધરી નીજ સ્કંધ ત્યાગની ધૂરા;
તમકાજ કૂળાં યુવાન તજી નીજ મ્હેલો,
તમકાજ તજી ઘરબાર વસાવે જેલો.
તમકાજ તજે કો પિતા પુત્ર ધનદારા,
તમકાજ તીખાં કો ટેક ધરે અસીધારા;
તમકાજ આજ કો કષ્ટ અનેક સહે છે,
તદપિ તમ પાપી વૃત્તિ સદોદિત વહે છે.
થાઓ સૌ વીર ફરી તૈયાર,
દેશના પાપ તમે ધોનાર;
દેશના પવિત્ર નરનેનાર
દેશનો યજ્ઞ ફરી યજનાર.

આહુતિ નિર્દોષિ દેનાર,
થશે તવ દેશ તણો ઉદ્ધાર;
તજી દો જીવન તણી મમતા,
બજાવો ફતેહના ડંકા.

૩ સરકારી નિશાળોનો ત્યાગ,
વિદ્યાપીઠોની સ્થાપના.

જોહુકુમ સલામી માનુ ભંગ કરનારી,
હાજી હાની સૌ વફાદારી ભરનારી;
કંઈ બાલતણી તન–મન શક્તિ હરનારી,
આખરમાં શિક્ષિત ગુલામને ઘડનારી.
અહીં ચાલી રહી નિશાળ બહુ સરકારી.
એ બેડી દેશને ગુલામીમાં જડનારી;
તજી દો શિક્ષા અનુકૂલ નથી મર્દોને,
કરતી પયદા એ **સ્વાર્થી, ભીરૂ વ્યંડળને.**
સંગીન આદર્શ ભર્યું જ્ઞાન દેનારી,
આ દેશ તણી સૌ સ્વતંત્રા લેનારી;
આ લોક અને પરલોક સિદ્ધિની દાતા.
વિદ્યાપીઠો એ આર્ય દેશની માતા.
નીજ અધમ દેશની ઉન્નતિને ચહાનારા;
એ પૂણ્ય માર્ગમાં વર્ષાવો ધન–ધારા.

૪. વકીલાત અને અદાલતોનો બહિષ્કાર,
લવાદી પંચોની સ્થાપના.

દેશની અધમ દશા કરનાર,
ગુલામી બંધ સબળ જડનાર;
ગુલામી પ્રથા તણી પ્રતિપાળ,
અધમ શી અદાલતોની જાળ !

ગુંથતી શયતાની સરકાર,
ગુલામો કરી તે'ની દરકાર;
બન્યા કો ન્યાયાધીશ સરદાર,
દ્રવ્યથી ન્યાય તૂલા કરનાર.
દ્રવ્યનું પલ્લુ નમતું જાય,
જૂઠાણું સત્ય થયેલ મનાય;
કંઈ નિર્દોષિ માર્યા જાય,
ન્યાયની નજરે દોષ જણાય.
સનંદી વકીલ ત્યાં ઉભરાય,
બુદ્ધિના વાદવિવાદો થાય;
સત્ય વિવાદે જૂઠું જણાય,
રચાયે વિવાદપર એ ન્યાય.
ડાળને દમામમાં રહેનાર,
અસીલનાં ખિસ્સાં કાતરનાર;
મળે જો મનગમતા બહુ દામ,
બુદ્ધિ દીશા બદલે સરિયામ.

એ અદાલતો ને દ્વાર દ્રવ્યના રેલા,
રેલાવી રહ્યા છે મૂર્ખ ગમારો ઘેલા;
જો સત્ય હોય તો ને શાને વેચાયે,
જો સત્ય હોય તો શીદ સાબીત કરાયે.
સૌ કુસંપના એ બીજ કલેશ કરનારા,
પ્રતિજનમાં દ્વેષ વિરોધ સદૈવ વ્હાનારા;
એ વાદવિવાદ ને બુદ્ધિ તર્ક કરનારા,
એ કહેવાતી સૌ ન્યાય તૂલા ધરનારા.
તમ કાર્ય વડે સૌ ટકી ગુલામી જાળો,
તમ કાર્ય વડે પરરાજ્ય-શૃંખલા પાળો;

આ દેશ પરાધીન–રાજ્ય–પ્રથા–પરિણામે,
રે ગયો ચૂસાઈ હાડ ચામ રહ્યું નામે.
હજીયે ઉન્નતિ યદિ જન્મભૂમિની ચાહો,
તમે તરછોડો તત્કાળ કપટમય જાળો;
સૌ લોક તજી દો અદાલતોના દ્વારો,
વીણ દ્રવ્યે ત્યાં તો ન્યાય નથી મળનારો.
સૌ ઠામ પ્રજા નીજ પંચ પ્રતિષ્ઠિત સ્થાપે,
જ્યાં પ્રજાતણો સરપંચ ન્યાયને આપે;
સૌ પ્રજા ન્યાય અન્યાય નિહાળી ચાલે,
રાખી ઈશ્વરનો ડર ચૂકાદા પાળે.

૫. ખિતાબો અને સરકારી ગુલામીનો ત્યાગ.

નહીં અહીં માત્ર ન્યાય વેચાય,
લીલામો માનપાનના થાય;
હોય જો હરામના બહુ દામ,
સધાયે દામ દેતાં સૌ કામ.
ખિતાબો દિયે બહુ સરકાર,
દામ દઈ ખુશામતી કરનાર;
હોંસથી નામ પૂઠે ધરનાર,
વાસ્તવે 'ગુલામના સરદાર.'
પશુ બળપર છે જેનું જોર,
જુલ્મ જોહાકીનો જ્યાં દોર;
અહીંની આપખુદ સરકાર,
સેવતા વિવિધ ધરી અધિકાર.
તજી દઈ સ્વમાનની દરકાર,
પાંચ પચ્ચીના તાબેદાર;
દેશનું ધન જીવન હરનાર,
કૈંક સ્ત્રી–લજ્જાને લુંટનાર.

ખોટ શું ન્યાયવૃત્તિની નેટ,
ભરાયે નહીં શું પાપી પેટ;
હોય શું નામર્દોને ટેક,
ગુલામોને શાનો વિવેક!
તમ દેશ તણી અવદશા અંતરે સાલે,
યદિ અંશ દયાનો તમ ઉરને ઉજાળે;
તો માનપાનના ચાંદ ખિતાબો મોટા,
છે ખુશામતીના ચિહ્ન તજી દો ખોટા.
થાણેથી તે ઠેઠ હજુરના એવા,
સૌ સરકારી નોકર તજે નીજ સેવા;
કંઈ જીવન ગુજારો કરે સુદર્શન શર્ણે,
આજન્મ સેવના ધરે દેશને ચર્ણે.

૬. સૈન્ય અને શસ્ત્રમુક્તિ.

પ્રચંડ પંજાબીઓ બળવાન,
ગુરૂ નાનકના સૌ ગુણવાન;
શીખ શું શોભે સિંહ સમાન,
ધર્મ યુધ્ધે દે ઝૂઝી પ્રાણ.
રજપૂતો દેતા મૂછે તાલ,
રાખતા શાં વીર–ચક્ષુ લાલ;
શીર નીજ હસ્ત લઈ ફરનાર,
યુદ્ધમાં કેસરીયા કરનાર.
ગુરખા ગુણીયલ ગટ્ટી જાત;
ભક્ત શંકરના જગ–વિખ્યાત;
કીરીટ હિમાદ્રિનું કૈલાસ,
શ્રેષ્ઠ સૌ શીવગણનો ત્યાં વાસ.
મરાઠા પણ મમતીલા છેક,
પ્રાણ જાતાં નવ મૂકે ટેક;

ધર્મવીર શીવાજીના શૂર,
હમારી ભરત-ભૂમિનાં નૂર.
કુરાને શરીફના પઢનાર,
અહલે વતન હિંદ ગણનાર;
મુસલમાં બિરાદરો હમ આજ,
ધર્મની શીદાગીરીના તાજ.

રજપૂત, મરાઠા, શીખ, શુરા પંજાબી,
ઓ ગુણીયલ ગુરખા બીરાદરો ઇસ્લામી;
આ આપખુદ સત્તાના સૌ બાખારી.
થઇ પાપી પેટને કાજ કટારી ધારી!
રે સિપાહગીરી તો સત્ય પૂર્વજે ધારી,
તમ ખુનમાંથી વીરગુણ ગયા પરવારી;
તમ બળપર રહી મુસ્તાક જુલ્મી સરકારે,
આ દમન નીતિનો દોર બધે દર્શાવે.

તમે જાત અને પરજાત નહીં પીછાનો,
તમે દેશ અને પરદેશ નહીં કંઈ જાણો;
નહીં ન્યાયી અને અન્યાયી હુકમ પરમાણો,
નિર્દય ઉરમાં અનુકંપ લેશ નવ આણો.
નિર્દોષ તણી તમ હસ્ત કતલ થઈ કારી,
નિઃશસ્ત્ર ભાઈઓપર ગોળી વર્ષાવી;
નીજ પવિત્ર ભગિનીની લજ્જા લુંટાવી,
હતભાગ્ય હિન્દના તમ વીરતા શરમાવી.
શૂરવીર જનના નવગુણ હોય હિચકારા,
કદી ચળે મેરૂ અન્યાય નહીં કરનારા;
નથી નથી વીરતા એ પશુવૃત્તિ તમ ભારી,
જે સદા સર્વદા ગુલામીને વરનારી.

રે લ્યાનત છે એ સિપાહગીરીપર ભારી,
વીર હોય તજી આરાધે વૃત્તિ એ સારી;
વન વન રઝળી કરે જાન તણી કુરબાની,
નહીં બને ફરી કદી કસાઈ કર કૂહાડી.

૭. પોલીસ.

પોલીસો તો રક્ષણને કાજ,
ઉભેલા આંહીં સજીને સાજ:
દીશે જ્યમ હોય વરૂ વિકરાળ,
સાવજો ટાંપે ભરવા ફાળ.

ઝડપતા ઝટ્ટ મળ્યો શીકાર,
ચોદમા રત્ન તણો સત્કાર;
કરાવી ઠરાવે ગુન્હેગાર,
હોય જો રજ તો ગજ કરનાર.
દામ લઈ ગુન્હેગાર તજનાર,
લાંચ રૂશ્વતના એ લેનાર;
ધનિક ધન દઈને છૂટી જાય,
રંકનો મરો વિશેષે થાય.

ચોર જુગારીને દે લાગ,
પછીથી પડાવતા નીજ ભાગ;
ઉઘાડા કરે કો અત્યાચાર,
ત્હેની નહીં દાદ અને ફરીયાદ.
ઉઠતા જુલમના પોકાર,
યાદી સરકારી નીકળનાર:
"કરી બહુ તપાસ તો સરકાર,"
"ગલત વાતો બીન પાયાદાર!"

ઘણાં નબળામાં સારા કોક,
ગણાયે સારા નબળા લોક;
અંધમાં હોય દેખતો એક,
ગણાયે તે પણ અંધો છેક.

૮. વિનીતોને વિનંતિ.

આ રામરાજ્યના છે આવા અંધેરો,
તદપિ કંઈ ચાહે આંગ્લરાજ્ય વિનીતો;
સૌ વ્યર્થ ગયા એ **મોંડ-ફૉર્ડ**[૯] સુધારા,
તદપિ નહીં તજતા મોહ વિનીતો પ્યારા.
એ ભલે સુધારાપર તમ મમના જોડા,
અમ શાંત પ્રવૃત્તિ તણો વિરોધ વિછોડા;
તમ વિરોધથી તો બલ વધુ અમને મળશે,
પણ નામ તમારૂં દેશદ્રોહીમાં ભળશે.
ચાહે તો કર્મે નિત્ય-ગુલામી ગર્તા,
ચાહે તો થઈએ સ્વતંત્ર શાસન-કર્તા;
આ ગતિ ત્રીશંકુ સમી નહીં સહેવાયે,
રે જીવન મોતનો અચૂક ચૂકાદો થાયે.

૯. અંત્યજો ને આભડછેટ.

અંત્યજો એવ આપણું અંગ,
એહવીણ સમાજ સર્વ અપંગ;
કહેવાતાં સૌ હલકાં કાજ,
કરે છે તેહ તમારાં આજ.
કરો છો સેવાનો સ્વીકાર,
પ્રતિ ફળમાં શો તિરસ્કાર;
પડે પડછાયો તો અભડાય,
આડે નવ અંત્યજથી ફરકાય.

થતો જો અંત્યજનો સંચાર,
ધ્રુવે કો ઘેલાં નીજ ઘરબાર;
નથી એને સુખનો અધિકાર,
નથી સદ્‌વિદ્યાના સંસ્કાર.

જુદા છે એના સર્વે ચોક,
જુદા એનાથી સર્વે લોક;
ધર્મને નામે ઢોંગ અપાર,
આદરી રહ્યા બહુ અન્યાય.
ગણાતો ઉચ્ચ હિન્દુ–આચાર,
ગુલામી પ્રથાને કેળવનાર;
વાસ્તવે સ્વાર્થ વિષે બની અંધ,
ચલાવે છે સૌ સગવડ-પંથ.
પશુ પક્ષીને જંતુ જીવ,
ગણ્ય અંત્યજ એથી નિર્જીવ;
અડકતાં લાગે આભડછેટ,
સમજતા સર્જ્યા કરવા વેઠ.

ઈશ્વરે સરજી માનવ જાત,
દઈને સૌ સરખા અધિકાર;
ઉચ્ચ ને નીચ તણાં સૌ ભેદ,
કૃતિ એ માનવની પ્રત્યેક.
જન્મ પૂર્વના જે સંસ્કાર,
ન્યૂનાધિક બુદ્ધિનો આધાર;
કણુક તો હોય એકની એક,
સર્વ કેળવણીનો વિવેક.
પ્રજા રાખી ઘરમાં ગુલામ,
ધરે છે આઝાદીની હામ;

મળે નહીં આઝાદી મિનમેખ,
કર્મમાં લખ્યા ગુલામી લેખ.
જો ચહો ઓ હીંદીવાન સર્વ આઝાદી,
તો મિટાવો આભડછેટ અંત્ય જો આદિ;
કંઈ કાળ થયાં એ પાપ પ્રથાને પોષો,
કરી લ્યો હાવે પ્રાયશ્ચિત નિવારી દોષો.

કંઈ કાળ થયાં છો અંત્યજના અપરાધી,
તેથીજ હિન્દને ગુલામીની ઉપાધિ:
માનવનો સૌ સહજ ધર્મ તો પાળો,
અંત્યજને નીજ શ્રેય પંથમાં વાળો.
પરવારી નીજ કાર્ય સુઘડતા પાળે,
મન–વચન–શરીર–અવદશા પ્રયત્ને ટાળે;
સુખ સાધન સૌ આવશ્યક કરી આપો,
ને ભાઈ ભાઈનો પ્રેમ પરસ્પર સ્થાપો.

અટલ્શ્રદ્ધા, પ્રેમ, અહિંસા, શાંતિ.

મુખ્ય છે ચળવળના ચતુરંગ,
અહિંસાને શાંતિનો સંગ;
અટલશ્રદ્ધાને પ્રેમનો યોગ,
હીન્દના છે એ સિદ્ધિ પ્રયોગ.
પશુતાના વિરોધી શસ્ત્ર,
અહિંસાને શાંતિના વ્રત;
પ્રેમના પિયૂષમય કામણ,
અટલ શ્રદ્ધાના આકર્ષણ.
આપણી આધ્યાત્મિક ચળવળ,
નકામું છે શારિરીક બળ;

દેશની પ્રજાનાં ઝાઝાં દળ,
છતાં નિઃશસ્ત્ર અને નિર્બળ.
વિઘાતક શસ્ત્ર તણું જ્યાં જોર,
સંઘ બળનો નવ રહેશે તોર;
ધરીયે પર બળ પર જો હામ,
રહીએ ગુલામના ગુલામ.
હિન્દના અન્ય સર્વ ઉપાય,
વિના આધ્યાત્મિક નિષ્ફળ જાય;
છોડવા દેહ તણા સૌ મોહ,
દેહનો મોહ દેશનો દ્રોહ.

દેહને દુઃખ પડે વિશેષ,
દુઃખ નવ આત્માને લવ લેશ;
દેહનો થાય કદી વિનાશ,
અમર આત્મા નવ થાય નિરાશ.
પ્રેમને વશ થાયે ભગવાન,
પ્રેમને વશ શત્રુ બળવાન;
અટલ શ્રદ્ધાનો જો સંયોગ,
પ્રેમના રહે અવિચળ ભોગ.

અટલશ્રદ્ધા શાંતિને પ્રેમ,
અહિંસાની ધરીયે જો નેમ;
હિન્દનું અવિચળ રાજ્ય સ્થપાય,
સ્વર્ગથી પણ આલે વખણાય.

૧૧. ઉપસંહાર.

ડગ ભરો અડગ નહીં એક પંક્તી પણ ચૂકો,
ગુરૂ ગાંધીનો આદેશ અમલમાં મૂકો;

રેંટીઓ ઘર ઘર થાય પ્રવેશ
હિંદનો પવિત્ર ખાદી વેશ;
છોડવા:— ગુલામીના ભણતર,
બદતર સરકારી રળતર,
વકીલી અદાલતો ખિતાબ,
સર્વ સૈનિક નીજ હથિયાર,
બીકતાને સૌ આભડછેટ.
વેરને ઈર્ષાના ઉદ્દેશ.
તમે સજીલો:—નીજ નિશાળ, લવાદી પંચો,
સૌ સ્વરાજ્યવાદી ટેક શાંતિના સૈન્યો
વળી ખીલાફતી અન્યાય જુલમ પંજાબે
એ સર્વ મિટાવો કરી દેશ નીજ તાબે

